For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

શહેર જિલ્લાની 55 સ્કૂલોમાંથી મોટાભાગની સ્કૂલોએ 100 ટકા પરિણામ મેળવ્યું

# CBSE ધો.10 અને 12નું પરિણામ જાહેર થયું : રાજ્યનું 92.96 ટકા

**વિદ્યાર્થિનીઓની** પાસ થવાની ટકાવારી 91.64% અને વિદ્યાર્થીઓની ટકાવારી 85.70%

(પ્રતિનિધી) વડોદરા, તા.13

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનનું પરિણામ જાહેર થઈ ચુક્યું છે. સીબીએસઈએ સત્તાવાર વેબસાઇટ પર પરિણામ જાહેર કર્યું હતું. જેમાં ધો.10નું 93.66 ટકા અને ધોરણ 12નું 89.39 ટકા પરિણામ નોંધાયું છે. વડોદરા શહેર જિલ્લાની 55 સ્કૂલો જેમાં ધોરણ 12 માં 6 હજાર થી વધુ વિદ્યાર્થીઓ અને ધો.10 માં 10 હજારથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.આ વખતના પરિણામમાં 10 થી વધુ શહેર જિલ્લાની શાળાઓએ 100 ટકા પરિણામ મેળવ્યું હતું.

સીબીએસઈ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનએ મંગળવારે સત્તાવાર વેબસાઈટ પર પરિણામોની જાહેરાત કરી હતી. પ્રથમ ધો.12ની અને ત્યારબાદ ધો.10ના પરિણામોની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારે વડોદરા શહેર જિલ્લાની 55 જેટલી સ્કૂલો પૈકી 8 થી વધુ સ્કૂલોએ 100 ટકા પરિણામ મેળવ્યું હતું.

વડોદરા શહેરમાં ધો.10 અને 12ના 8173 વિદ્યાર્થીઓએ 9 કેન્દ્રો પર પરીક્ષા આપી હતી. જેમાં ધો.10ના 4476 અને ધો.12માં 3697 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. સીબીએસઈ દ્વારા સમગ્ર દેશમાં આ વખતે 7,842 પરીક્ષા કેન્દ્રો અને 26 આંતરરાષ્ટ્રીય સ્થળોએ બોર્ડ પરીક્ષાઓનું આયોજન કર્યું હતું. જેમાં 42 લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી 24.12 લાખ વિદ્યાર્થીઓ ધોરણ 10ના અને 17.88 લાખ વિદ્યાર્થીઓ ધોરણ 12ના હતા. ધોરણ 10ની પરીક્ષાઓ 15 ફેબ્રુઆરીથી 18 માર્ચ, 2025 દરમિયાન લેવામાં આવી હતી. ધોરણ 12ના પેપર 4 એપ્રિલ, 2025ના રોજ પૂર્ણ થયા હતા. બધી શાળાઓએ 14 ફેબ્રુઆરી સુધીમાં પ્રેક્ટિકલ માર્ક્સ સબમિટ કરી દીધા હતા. સીબીએસઈ બોર્ડના 12મા ધોરણના પરિણામમાં આ વર્ષે પણ છોકરીઓએ બાજી મારી છે. છોકરીઓની પાસ થવાની ટકાવારી 91.64% છે, જ્યારે છોકરાઓની ટકાવારી 85.70% છે. આ વર્ષનું પરિણામ 2024 કરતા સારું રહ્યું છે. છોકરીઓની પાસ થવાની ટકાવારી છોકરાઓ કરતા 5.94% વધુ છે. ધો.12 બાદ ધો.10ના પણ પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. જ્યારે પીએમ શ્રી કેન્દ્રીય વિદ્યાલય નંબર 2 આર્મી માં સીબીએસસી બોર્ડમાં ધોરણ 12 માં 98.68% અને ધોરણ 100 માં સો ટકા પરિણામ મેળવ્યું છે.

## ફેમિલી અને શિક્ષકોએ મેન્ટલી સપોર્ટ કરવો જોઈએ



ધો.10માં 98.2 પર્સન્ટેજ આવ્યા છે. દિવસ દરમિયાન હું છ થી સાત કલાક અભ્યાસ કરતી હતી અને કોચિંગ ક્લાસ પણ કરતી હતી. પરીક્ષા દરમિયાન સોશિયલ મીડિયા નો ઉપયોગ સેજ પણ કરતી ન હતી. આગળ મારે આઈઆઈટી મુંબઈમાં જવું છે. એ મારી ડ્રીમ કોલેજ છે. જે વિદ્યાર્થીઓનું નબળું પરિણામ આવ્યું છે તેવા વિદ્યાર્થીઓને તેમની ફેમિલી અને શિક્ષકોએ મેન્ટલી સપોર્ટ કરવો જોઈએ અને ઉતાર ચઢાવ આવે તો એને ઇગ્નોર કરીને આગળ વધતા રહેવું જોઈએ અને પોઝિટિવ રહેવું જોઈએ. મારી હોબી કરાટે છે. પરીક્ષા હોવાના કારણે મે કોઈ ટુર્નામેન્ટમાં પણ ભાગ લીધો ન હતો. **- ઉર્જા સોની ,ધો.10 વિદ્યાર્થિની**

## હું મોબાઈલનો ઉપયોગ કરતી ન હતી



ધો.12 કોમર્સમાં મારા 97.20 ટકા પર્સન્ટેજ આવ્યા છે. જેનો શ્રેય હું મારા પરિવારજનો અને શિક્ષકોને આપું છું. મારા પિતા સિવિલ એન્જિનિયર છે અને માતા હાઉસવાઈફ છે. જેમના સપોર્ટ થી જ આ પરિણામ મારું આવ્યું છે દરરોજ હું 7 થી 8 કલાક રીડીંગ કરતી હતી અને એક્ઝામ સમયે હું મોબાઇલ નો ઉપયોગ કરતી ન હતી. આગળ મારે બોમ્બેથી ઇકોનોમિક્સ ઓનર્સ કરવું છે. જે વિદ્યાર્થીઓ પરીક્ષામાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ ઘણી વખત ખોટું પગલું ભરી લેતા હોય છે તેવા વિદ્યાર્થીઓને કહેવું છે કે ધોરણ 12 નું પરિણામ એક અગત્ય ધરાવે છે. પણ તેના ઉપર પોતાની લાઈફ ડિસાઈડ કરી નથી શકતા આજે માર્ક ઓછા આવ્યા છે,તો આગળ ઘણી તક છે જ્યાં તમે પોતાને સાબિત કરી શકો છો. **- યાશીકા યાદવ ,વિદ્યાર્થિની ,ધો.12 કોમર્સ**

## હું 10 થી 11 કલાક અભ્યાસ કરતો હતો



12 સાયન્સમાં મારા 97.60 ટકા આવ્યા છે. જ્યારે સ્કૂલ હોય ત્યારે પાંચથી છ કલાક અને રજાનો દિવસ હોય એ દર સમયગાળા દરમિયાન હું 10 થી 11 કલાક અભ્યાસ કરતો હતો અને મોબાઇલમાં સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતો ન હતો મને મારા પેરેન્ટ્સથી અને મારા સ્કૂલના ટીચર્સથી ખૂબ જ સપોર્ટ મળ્યો છે જેથી પરિણામ મેળવી શક્યો છું. મારા પિતાની આઇટી કંપની છે. અને મારા મમ્મી હોમિયોપેથી ડોક્ટર અને યોગા ટીચર પણ છે. જેઇઇમાં મારા 98.59 પર્સન્ટાઈલ અને ગુજકેટમાં 99.93 પર્સન્ટાઈલ આવ્યા હતા. મેડિકલમાં જ આગળ હું વધવા માગું છું : **સિદ્ધાંત ગૌતમ ,ધો.12 સાયન્સ વિદ્યાર્થી**

## સોશિયલ મીડિયામાં મારું કોઇ એકાઉન્ટ નથી



98 ટકા આવ્યા છે, ગુજકેટમાં મારા 98 પર્સન્ટાઈલ આવ્યા હતા. મારુ સ્વપ્ન એમબીબીએસ ડોક્ટર બનવાનું જ છે. હું રાત્રે 10 વાગ્યા પછી હું વાંચતો ન હતો પણ દિવસમાં સાત કલાક અભ્યાસ કરતો હતો. અત્યારના માહોલમાં નાનાતી માંડી મોટા સોશિયલ મીડિયામાં રચ્યા પચ્યા હોય છે જ્યારે મારી પાસે એન્ડ્રોઇડ મોબાઈલ ફોન પણ નથી. હું કીપેડ વાળો જ ફોન યુઝ કરી રહ્યો છું. એટલે મારું સોશિયલ મીડિયા પર કોઈ એકાઉન્ટ જ નથી. મારા પિતાનો પોતાનો બિઝનેસ છે અને માતા ફાર્મસીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર છે અને તેઆએ ફાર્મસીમાં પીએચડી કરી છે. **- અર્થ જૈન, વિદ્યાર્થી**

## વિદ્યાર્થીઓને તેમની સ્કૂલમાંથી માર્કશીટ મળશે

પરિણામ જાહેર થયા પછી વિદ્યાર્થીઓ તેમની માર્કશીટ ઓનલાઈન જોઈ શકે છે, પરંતુ આ ફક્ત ટેમ્પરરી છે. વિદ્યાર્થીઓએ તેમની મૂળ માર્કશીટ તેમની સ્કૂલમાંથી મેળવવાની રહેશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત તારીખ 8 મીના રોજ ધોરણ 10 નું અને સંસ્કૃત પ્રથમાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જે બાદ જે ઉમેદવારો ગુણ ચકાસણીની અરજી કરવા ઇચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ ઉપર આગામી તારીખ 20 મે સુધી સાંજે પાંચ વાગ્યા સુધી રજીસ્ટ્રેશન કરી ઓનલાઇન અરજી કરી શકશે.

## નવરચના વિદ્યાની વિદ્યાલયે 100 ટકા પરિણામ મેળવ્યું

શહેરના સમા વિસ્તારમાં આવેલી નવરચનાની વિદ્યાની વિદ્યાલયે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. જેમાં ધો.12 સાયન્સમાં શિવલા પટેલે 92 ટકા, દેવમ સુરતીએ 91 ટકા, પ્રિયાન્સ શાહે 88 ટકા મેળવ્યા હતા.જ્યારે કોમર્સમાં આયુષ પટેલે 96.2 ટકા, નિશિલ વાધવાણી 93.8 ટકા, મહેક કંચનદાનીએ 93.6 ટકા અને હ્યુમેનિટીઝમાં રિધિમાં હાંડે અને વંશી લાલપુર વાલા એ 94.6 ટકા અને મોસમ ઠક્કરે 88.2% પરિણામ મેળવી ટોપરમાં સ્થાન મેળવ્યું છે. જ્યારે ધોરણ 10 માં જાનવી અટોદરિયા 97.3 ટકા, યહીતી મખીજાનીએ 95.33 ટકા અને શાર્લી ગ્રિગલાનીએ 95 ટકા મેળવી ટોપરમાં સ્થાન મેળવ્યું હતું.

રેતીનો સ્ટોક કરવા ઓનલાઇન કરેલી અરજીને મંજૂર કરવા લાંચ માંગી

# ખાણ ખનીજ વિભાગનો ક્લાર્ક રૂ. 2 લાખની લાંચ લેતા ઝડપાયો

**નર્મદા** એસીબીએ છટકું ગોઠવ્યુ, મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, આઈ.ટી એક્ઝિક્યુટિવ ,રોયલ્ટી ઇન્સ્પેક્ટર સહિત સિનિયર ક્લાર્ક ઝડપાયા

**ઈન્ચાર્જ** ભૂસ્તર શાસ્ત્રી સહિત બે અધિકારી હજુ ફરાર



(પ્રતિનિધી) વડોદરા,તા.13

રેતીનો સ્ટોક કરવા કરેલી અરજી મંજૂર કરવા માટે રૂપિયા બે લાખની લાંચની રકમ માંગનાર વડોદરા ખાણ ખનીજ વિભાગના ઈન્ચાર્જ અધિકારી સહિત ચાર કર્મચારીઓ સામે નર્મદા એસીબીએ કાર્યવાહી કરતા લાંચિયા તત્વોમાં ભારે ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

વડોદરા ખાણ ખનીજ વિભાગ ખાતે ફરિયાદીએ રેતીનો સ્ટોક કરવા અંગે ઓનલાઈન અરજી કરી હતી. જે અરજીના કામે કોઠી કચેરી ખાતે ખાણ ખનીજ વિભાગના સિનિયર ક્લાર્ક યુવરાજસિંહ દિલીપસિંહ ગોહિલ ને મળ્યા હતા. જેઓએ આ અરજી મંજૂર કરવાના કામે કચેરીના તમામ સ્ટાફને વ્યવહાર પેટે રૂ.2,00,000ની લાંચની માંગણી કરી હતી. જે લાંચની માંગણીની રકમ ફરિયાદી આપવા માંગતા ન હતા. તેઓએ એન્ટીકરપ્શન બ્યુરોનો સંપર્ક સાધ્યો હતો. જેના કારણે 12 મી તારીખના રોજ એસીબીએ છટકાનું આયોજન કર્યું હતું અને ફરિયાદીને સિનિયર ક્લાર્ક વર્ગ ત્રણના યુવરાજસિંહ ગોહિલે બીએપીએસ હોસ્પિટલ પાસે પ્રેમાવતી રેસ્ટોરન્ટ ખાતે લાંચની રકમ લઈને બોલાવ્યા હતા. જ્યાં યુવરાજસિંહ ફરિયાદી પાસેથી વાતચીત કરી લાંચની રકમ સ્વીકારતા એસીબીએ રંગે હાથ ઝડપી પાડ્યો હતો. આ સાથે યુવરાજસિંહને લાંચ લેવા માટે મોબાઈલ ફોન ઉપર સંમતિ આપનાર કુબેર ભુવન ખાણ ખનીજ વિભાગના વર્ગ બે ના મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી રવિ કુમાર કમલેશકુમાર મિસ્ત્રી તથા વર્ગ 3 ના આઈ.ટી એક્ઝિક્યુટિવ કિરણભાઈ કાંતિભાઈ પરમાર તેમજ ખાણ ખનીજ વિભાગ વર્ગ 3 ના રોયલ્ટી ઈન્સ્પેક્ટર સંકેતભાઈ પટેલની પણ એસીબીએ રૂ.2 લાખની લાંચ કેસમાં ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આશરે 18 ગ્રામની સોનાની ચેઇનની અંદાજે કિંમત રૂ 50 હજારની ચીલઝડપ થઇ

# સુભાનપુરામાં મહિલા પ્રોફેસરના ગળામાંથી સોનાની ચેઈન આંચકી ગઠિયાઓ ફરાર

**મોઢા પર** માસ્ક પહેરેલ ઇસમે પાછળથી ચાલતા પીછો અછોડો તોડી આગળ ઉભેલી બાઇક પર બેસી નાસી ગયો

(પ્રતિનિધિ) વડોદરા તા.13

શહેરના સમતા વિસ્તારમાં રહેતા અને વાઘોડિયા ની કોલેજમાં પ્રોફેસર તરીકે ઉપજાવતા મહિલા સવારે ચાલતા નિકળ્યા હતા અને તે દરમિયાન તેમની પાછળ કાળા ટી શર્ટ અને કાળા રંગનું પેન્ટ તથા મોઢા પર માસ્ક પહેરેલ ઈસમે પાછળથી ચાલતા પીછો કરી હાઈટેન્સન રોડ પર આવેલા નૂતન વિધ્યાલય નજીક મહિલા પ્રોફેસરના ગળામાંથી આશરે 18 ગ્રામ વજનની રૂ.50,000ની કિંમતની પેંડલ સાથેની સોનાની ચેઇન આંચકી આગળ ઉભેલી મોટરસાયકલ પર ફરાર થઇ ગયો હતો સમગ્ર મામલે ગોરવા પોલીસે ફરિયાદના આધારે તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

શહેરમાં હવે વહેલી સવારે ચાલવું પણ જોખમભર્યુ થઇ ગયું છે તેમાંય ખાસ કરીને કોઈપણ પ્રકારના દાગીના, મોંઘા ફોન લઈને એકલા અને સૂમસામ રસ્તાઓ પર નિકળવું એકલા નિકળવું જોખમી બની ગયું છે ત્યારે શહેરના સમતા વિસ્તારમાં આવેલા ધનલક્ષ્મી કોમ્પ્લેક્ષમા રહેતા રૂચિતા અયન પટેલ પોતાના પરિવાર સાથે રહે છે અને વાઘોડિયા ખાતેની પારૂલ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવી પોતાનું ગુજરાન ચલાવે છે.તા.13 મે,2025 ને મંગળવારે વહેલી સવારે આશરે 5:20 કલાકે તેઓ પોતાના ઘરેથી ચાલતા સમતા પોલીસ ચોકી થી રાણી લક્ષ્મીબાઈ સર્કલ થઈ હાઈટેન્સ રોડ થી નૂતન વિધ્યાલય પાસે આશરે પોણા છ વાગ્યે એક કાળા રંગની ટીશર્ટ અને કાળા રંગનું પેન્ટ તથા માસ્ક પહેરેલો એક ઈસમ મહિલા પ્રોફેસરની પાછળ ઉતાવળે ચાલીને પીછો કરી રહ્યો હોય મહિલા પ્રોફેસર શ્રીનાથજી કોમ્પલેક્ષ સામેના જય યોગેશ્વર સોસાયટી ભાગ -1 ના મકાન નંબર 25 પાસે આવી ગયા હતા જ્યાં તે ઈસમે દોડી આવીને મહિલા પ્રોફેસરના ગળામાં પહેરેલી પેંડલ સાથેની આશરે 18 ગ્રામ વજનની સોનાની ચેઈન આંચકી ભાગવા લાગ્યો હતો તે દરમિયાન મહિલા પ્રોફેસરે પીછો કરતા તે ઈસમે જે.એમ.કે.એપાર્ટમેન્ટના ગેઈટ પાસે ધક્કો મારતાં મહિલા લોખંડના થાંભલા સાથે ભટકાયા હતા તે દરમિયાન મહિલાએ બુમરાણ મચાવતા તે ઈસમ આગળ એક મોટરસાયકલ લઈને ઉભેલા ઈસમની પાછળ બેસી ભાગી ગયો હતો. આ સમગ્ર મામલે મહિલા પ્રોફેસરે ગોરવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

મહિલા કોર્પોરેટર ભૂમિકા રાણાના પિતા નરેશ રાણા ફરી વિવાદમાં ફસાયા

# ભાજપના કોર્પોરેટર ભૂમિકા રાણાના પિતાએ દુકાન પર ઝપાઝપી કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.13

શહેરના નાગરવાડા વિસ્તારના ભાજપની મહિલા કોર્પોરેટર ભૂમિકા રાણાના પિતા નરેશ રાણા ફરી એકવાર વિવાદમાં ફસાયા છે. નરેશ રાણા નું કેહવુ છે કે રીક્ષા ચાલક મારી દુકાને આવી મહિલાઓ માટે અપશબ્દ બોલતો હતો માટે હુ ઉશ્કેરાઈને મારવા દોડ્યો હતો. જ્યારે રીક્ષા ચાલકે કહ્યુ કે હું એમની દુકાને લોટ લેવા ગયો હતો ત્યારે મે જલ્દી લોટ આપો એમ કહ્યું જેના કારણે મને માર માર્યો છે. નરેશ રાણા કોર્પોરેટર ના પિતા હોવાથી દાદાગીરી કરે છે. નરેશ રાણાએ ઉશ્કેરાઈ ઝઘડો શરૂ કર્યો. અરજદારે નરેશ રાણાને તેમની રાજકીય ઓળખાણનો ઉપયોગ કરીને



દબાણ કરવાનો પણ આરોપ લગાવ્યો, જેના કારણે બંને વચ્ચે ઝપાઝપી થઈ. નરેશ રાણા અગાઉ પણ અનેક વખત વિવાદિત વર્તનમાં ચર્ચામાં રહ્યા છે. તેઓ મહારાણા પ્રતાપ કો.ઓ.ક્રેડિટ સોસાયટીના મંત્રી પણ છે અને સત્તાવાળાઓ સાથેના સંબંધોને કારણે અનેક વખત વિવાદમાં આવ્યા છે. આ ઘટના સ્થાનિક લોકોમાં ચિંતા અને ચર્ચાનું વિષય બની છે, કારણ કે નરેશ રાણા તેમની રાજકીય ઓળખાણનો ઉપયોગ કરીને કડક વર્તન કરે છે.

આ બાબતે સ્થાનિક પોલીસ અને અધિકારીઓ આ મામલે તપાસ કરી રહ્યા છે અને આગળની કાર્યવાહી માટે પુછપરછ કરી રહ્યા છે.

જીકાસ પોર્ટલ પર ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા શરૂ

# રજિસ્ટ્રેશન માટે કોમર્સ ફેકલ્ટીમાં 88 થી વધુ ટીચરની ટીમ કાર્યરત

કોમર્સ મેન બિલ્ડીંગ, યુનિટ બિલ્ડીંગ, ગર્લ્સ કોલેજ અને પાદરા કોલેજ ખાતે પણ હેલ્પ સેન્ટર શરૂ

(પ્રતિનિધી) વડોદરા,તા.13

મ.સ.યુનિ.ની કોમર્સ ફેકલ્ટીના ડીન જયેશ પંડ્યાએ જણાવ્યું હતું કે,જીકાસપોર્ટલ ઉપર ધોરણ 12 નું પરિણામ આવ્યા પછી જે રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ થઈ છે. એના માટે ફેકલ્ટી ઓફ કોમર્સની અંદર ત્રણ જગ્યાએ હેલ્પ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે. એક યુનિટ બિલ્ડિંગમાં એક મેન બિલ્ડિંગમાં છે અને એક ગર્લ્સ કોલેજમાં છે અને પાદરાની પણ આપણી કોલેજ છે. ત્યાં પણ હેલ્પ સેન્ટર ઉભું કરેલું છે. આમાં તમામ



ચારે ચાર સેન્ટરમાં 10 શિક્ષક જોવા મળશે. જે રેગ્યુલર વિદ્યાર્થીઓને મદદ કરે અને એક શિફ્ટમાં આશરે 88 થી 90 ટીચરની ટીમ બનાવેલી છે જેઓ છોકરાઓ અને છોકરીઓના જે વાલીઓ આવે છે. એમને રજીસ્ટ્રેશન પ્રોસેસથી માંડીને જે પણ ટેકનિકલ ઈસ્યુ છે. જે પણ ફોર્મ ભરવા માટેની જે પણ માહિતી છે તે બાબતે એમને મદદ કરવામાં આવી રહી છે. જેથી કરીને એ લોકોને કોઈ સમસ્યા ન થાય અને ફોર્મ ભરાય.

હેડ ઓફિસ ખાતે ઉગ્ર સુત્રોચાર સાથે રજિસ્ટ્રારને રજૂઆત કરાઈ

# જીકાસ પોર્ટલ પર વિદ્યાર્થીઓની મુશ્કેલી મુદ્દે AGSUનો વિરોધ

**સત્તાધીશો** દ્વારા જીકાસના અધિકારીઓ સાથે વાતચીત કરી સમસ્યાનું સમાધાન લાવવા માંગ

( પ્રતિનિધિ )વડોદરા,તા.13

વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાં દેશ અને વિદેશમાંથી પણ અભ્યાસ કરવા માટે વિદ્યાર્થીઓ રુચિ દાખવતા હોય છે. જેઓને યુનિવર્સિટીની તમામ ફેકલ્ટીમા પ્રવેશ પ્રક્રિયા સરળ બની રહે તે માટે સરકાર દ્વારા જીકાસ પોર્ટલ નામની વેબસાઈટ પર રજીસ્ટ્રેશનની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. જ્યાં વડોદરા સહિત અન્ય રાજ્યો માંથી વિદ્યાર્થીઓ આવતા હોય છે.



હાલ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓના ડોક્યુમેન્ટ વેરિફિકેશન માટે બે વાર આવવાનું રહેશેનું નક્કી કર્યું છે. જેથી યુનિવર્સિટીના આ નિર્ણયનો વિદ્યાર્થી સંગઠન એજીએસયુ દ્વારા વિરોધ કરી આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે યુનિવર્સિટી હેડ ઓફિસ ખાતે રજૂઆત કરવા માટે પહોંચ્યા હતા. જ્યાં યુનિવર્સિટી સત્તાધીશો વિરૂદ્ધ ભારે સૂત્રોચ્ચાર કરી રોષ ઠાલવ્યો હતો. જોકે, યુનિવર્સિટીના ઈન્ચાર્જ વીસી અગત્યનું કામ હોય તેઓ વ્યસ્ત રહેતા યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડો.કે.એમ.ચુડાસમાને જીકાસ પોર્ટલ પર વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા માટે રજૂઆત કરી આવેદન પત્ર સુપરત કરવામાં આવ્યું હતુ.

મ.સ.યુનિવર્સિટી સત્તાધીશો જ્યાં સુધી જીકાસના અધિકારીઓ સાથે વાતચીત કરી આ સમસ્યાનું સમાધાન નહિ લાવે ત્યાં સુધી આ આંદોલન ચાલુ રાખવામાં આવશે તેવી ચીમકી અગ્રણી પંકજ જયસ્વાલ દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.

# રાવપુરામાં ઇન્ડિયન પોલીસ સ્ટોરના સંચાલક દ્વારા ગ્રાહકોના રજિસ્ટરની નિભાવણી ન કરાતાં કાર્યવાહી

**પોલીસ** દળ અને સશસ્ત્ર દળના યુનિફોર્મ સહિતના સાધનોનું વેચાણ કરાતું

(પ્રતિનિધિ) વડોદરા તા. 13

હાલની તણાવભરી સ્થિતિ વચ્ચે આતંકવાદીઓ તથા સ્લિપરસેલ સ્થાનિક પોલીસ કે સશસ્ત્ર દળોનો ગણવેશ પહેરીને કે સાધનો સાથે કોઈપણ પ્રકારની ઘટનાને અંજામ ન આપે સાથે જ શહેરમાં એરપોર્ટ અને ઔદ્યોગિક એકમોની સુરક્ષા, શહેર, રાજ્ય અને દેશની સુરક્ષાને ધ્યાનમાં રાખીને શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે શહેરમાં બિન અધિકૃત રીતે વેચાતા કે ઉપયોગમાં લેવાતાં પોલીસ




દળ, સશસ્ત્ર દળના યુનિફોર્મ અને અન્ય વસ્તુઓનું વેચાણ કરતા સ્ટોર પર પોલીસ કમિશનરના આદેશથી વડોદરા એસ.ઓ.જી.ટીમ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે જેમાં પોલીસ કમિશનર ના જાહેરનામાનો ભંગ કરનાર દુકાનદારો વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે ત્યારે મંગળવારે શહેરના રાજમહેલ રોડ ઉપર આવેલા નહેરુ ભવન સામેના ‘ઈન્ડિયન પોલીસ સ્ટોર ‘ નામની દુકાનમાં એસ.ઓ.જી.ટીમે તપાસ કરતાં દુકાનના સંચાલક હનુમાન મુરલીધર ગાટે દ્વારા પોલીસ અને સશસ્ત્ર દળોના યુનિફોર્મ અને અન્ય સાધનો વેચાણ માટેનું રજીસ્ટર તા. 14-12-2024 બાદ નિભાવ્યું ન હોવાનું જણાયું હતું જેથી પોલીસ કમિશ્નરના જાહેરનામાના ભંગ બદલ દુકાન માલિક હનુમાન મુરલીધર ગાટે વિરુદ્ધ રાવપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વિકાસના માર્ગે વડોદરા | મહાનગર પાલિકાની સ્થાયી સમિતિ સમક્ષ 20 કામોની દરખાસ્ત રજૂ કરાઇ

# ક્લાઈમેટ સેલ બનશે, ડિજિટલ ટેકનોલોજી અપનાવાશે

**ઈ-મેલ** સિસ્ટમ માટે ‘Google Workspace’ ઉપયોગમાં લેવા માટે ટેક્નિકલ દરખાસ્ત પણ સામેલ કરાઇ

(પ્રતિનિધી) વડોદરા,તા.13

વડોદરા મહાનગરપાલિકા સ્થાયી સમિતિની આગામી શુક્રવારની બેઠકમાં વિવિધ વિભાગોની કુલ ૨૦ કામોની દરખાસ્તો રજૂ થનાર છે. સ્થળાંતર, વિકાસ તથા નીતિગત નિર્ણયો સંબંધિત આ દરખાસ્તોમાં કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓનો સમાવેશ થાય છે.

દરખાસ્ત મુજબ, ફિક્સ પગારધારક કર્મચારીઓના અવસાન પછી તેમના પરિવારજનોને સહાયરૂપ થવા નાણા મંજુર કરવાની ભલામણ કરવામાં આવી છે. ઉપરાંત, વડોદરાને ક્લાઈમેટ રેસિલિયન્ટ શહેર બનાવવા માટે ‘નેટ ઝીરો’ હેતુ હેઠળ ‘ક્લાઈમેટ સેલ’ રચવાનો પ્રસ્તાવ પણ સામેલ છે. ગાગડિયા શેરી, ટપોવન રોડ, મકરપુરા, સંજેલી, રામાવાડી સહિતના વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલ, નવનિર્માણ અને માર્ગ સુધારણા માટે કરોડો રૂપિયાનાં કામો મંજૂરી માટે રજૂ થશે. વિકાસના અંદાજીત રૂ. ૪૫ લાખના ખર્ચની દરખાસ્ત પણ રજૂ થનાર છે. ડિજિટલ વ્યવસ્થાને આગળ ધપાવવાના હેતુસર મહાનગર પાલિકાની ઈ-મેલ સિસ્ટમ માટે ‘Google Workspace’ ઉપયોગમાં લેવા માટે ટેક્નિકલ દરખાસ્ત પણ સામેલ છે. ઉપરાંત, અંદાજીત રૂ. ૨,૧૭૫ કરોડના આંતર માળખાકીય કામો માટે નીતિગત સ્તરે મંજૂરી લેવા માટેની ભલામણ પણ રજૂ થશે. સ્થાયી સમિતિની બેઠક શુક્રવારે યોજાશે અને આ તમામ દરખાસ્તો પર ચર્ચા કરીને નિર્ણય લેવામાં આવશે.

## 2175 કરોડના કામોને સરકારની મંજૂરી

વડોદરા પાલિકા માટે શહેરના સર્વાંગી વિકાસને આગળ ધપાવતો એક મહત્વપૂર્ણ નિર્ણય સામે આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે વડોદરા મહાનગરપાલિકાને કુલ રૂ. ૨૧૭૫.૪૪ કરોડના વિકાસકામોની દરખાસ્તને મંજુરી આપવામાં આવી છે. આ વિકાસકામો મુખ્યત્વે આંતરમાળખાકીય સુવિધાઓના છે, જેને શહેરના વિવિધ ઝોન અને પ્રોજેક્ટ કક્ષાએથી પ્રાથમિકતા આધારે પસંદ કરવામાં આવ્યા છે. આ કામો માટે રકમ વિવિધ ગ્રાંટ હેઠળ ફાળવાશે, જેમાં મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના (યુ.ડી.પી.-૭૮), ૧૫મું નાણાપંચ, વ્યવસાય વેરો, જમીન મહેસુલ બિનખેતી અને અન્ય ગ્રાંટોનો સમાવેશ થાય છે. વડોદરા મહાનગરપાલિકાને છેલ્લા વર્ષે મળેલી ગ્રાંટના આધાર પર આ વર્ષે લગભગ દોઢગણી રકમ ફાળવવા માટે રાજ્ય સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં યોજાયેલી સમીક્ષા બેઠકમાં આ તમામ કામોની વિગત તેમજ યોજનાઓ રજુ કરવાની સૂચના આપવામાં આવી હતી. જેના અનુસંધાનમાં મહાનગરપાલિકાએ સ્ટેન્ડીંગ કમિટીની મંજુરી બાદ સરકારમાં દરખાસ્ત મોકલવાની કામગીરી હાથ ધરી છે.